## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તું રીલ જોવામા સમય ન બગાડ... ધંધામાં મદદ કર...

# વાવોલ સ્પેન્ટા દુકાન નં. ૨૦૭ માં સુઈ રહેલા કારીગરના મોબાઈલ ચોરાયા

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગરના ન્યું વાવોલ રીલાયન્સ સ્માર્ટ મોલની સાઈટ અને સ્પેન્ટા એપાર્ટમેન્ટ દુકાન નં.૨૦૭ માંથી ફાયર વર્કના કોન્ટ્રાકટર અને અન્ય ત્રણ વ્યકિતના મળી કુલ-૪ મોબાઈલ ફોન કિં.૬૦ હજાર મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ વાવોલ સ્પેન્ટા એપાર્ટમેન્ટ દુકાન નં.૨૦૭ ખાતે વસીમભાઈ અબ્દુલભાઈ પઠાણ રહે છે.જયારે વાવોલ નવા બની રહેલા રીલાયન્સ સ્માર્ટ મોલમાં ફાયર વર્કના કોન્ટ્રાકટ તરીકે છેલ્લા એક મહિનાથી કામ કરે છે. તેઓની પાસે આઈફોન -૧૧ હતો.જયારે તેમની સાથે મોસુદાસ શ્યામલદાસ દાસ રહે છે તેની પાસે પણ ઓપો કંપનીનો મોબાઈલ ફોન હતો. જયારે રીલાયન્સ સ્માર્ટમાં નોકરી સાથે નોકરી કરતા જયેશભાઈ રમેશભાઈ પરમાર અને સાગરસિંહ અર્જુનસિંહ પરમાર સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ત્યારે ગત તા.૨૬ જુલાઈના રોજ રાત્રીના આશરે એક વાગે વસીમભાઈ તેમજ સોમુદાસ ઉપરોકત દુકાને ગરમીને પગલે શટર ખુલ્લુ રાખીને સુઈ રહ્યા હતા. તે સમયે મોબાઈલ ફોન પથારીમાં રાખેલા હતા. રાત્રીના સાડા ત્રણ વાગે સોમુદાસ બાથરૂમ જવા માટે ઉઠયો હતો. તે સમયે થોડીવાર મોબાઈલ જોઈ પાછો સુઈ ગયો હતો. ત્યારબાદ સવારે ૬ વાગે સાથે રહેતો વિજયસિંહ ફતેસિંહ ગોહિલ જાગી જઈ પોતાનો ફોન ચાર્જીંગમાં મુકયો હતો.ત્યારબાદ ફરીયાદનો ફોન ચાર્જીંગમાં મુકવા માટે માંગતા મોબાઈલ ફોન જગ્યા પર ન હતો. જેથી બાજુમાં સુઈ રહેલા સોમુદાસને જગાડતા તેનો પણ મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો. જેથી તેઓ નજીકમાં બનતી રીલાયન્સ સાઈટ પર ગયા હતા. ત્યાં ગયા તો ખબર પડી કે સિક્યુરીટી ગાર્ડ અને હાઉસકીંપીગનું કામ કરતા જયેશ પરમારનો ફોન પણ મળતો નથી. બધાએ આસપાસના વિસતારમાં શોધખોળ કરવા છતા મોબાઈલ ફોન મળી આવ્યા ન હતા.જેથી મોબાઈલના બીલ ન હોવાથી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી ન હતી.પરંતુ મોબાઈલનો દુરઉપયોગ કરવામાં આવે તેને માટે ફરીયાદ નોંધાવી હતી.

## ખૂણેખાંચરેથી

●હીપેટાઈટીસ ડે ની ઉજવણીને લઈ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આજે જનજાગૃતિના કાર્યક્રમો યોજ્યા હતા.

●ગાંધીનગર મનપાના જનસંપર્ક અધિકારી યાજ્ઞિકભાઈ ઠેસિયાનો આજે જન્મદિવસ હતો.

●ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઈજનેર તરીકે ફરજો બજાવતા પારસ પટેલનો પણ આજે જન્મ દિવસ હતો.

●ગાંધીનગરનું તંત્ર પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં અને બપોર પછી રાજ્ય સ્વાગતમાં વ્યસ્ત રહ્યુ હતુ.

●ગાંધીનગર જિલ્લામાં ૩જી ઓગષ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

●ગાંધીનગર શહેરમાં આજે વાદળછાયુ વાતાવરણ રહેતાં ઉકળાટ વધુ અનુભવાયો હતો.

●કલોલમાં ડુપ્લીકેટ પાઉચ પ્રિન્ટ કરતા ચાર ઈસમો સામે ફરિયાદ.

●માણસાના ધોળાકુવા ગામમાંથી જુગાર રમતા ૪ ઈસમોને માણસા પોલીસે પકડ્યા છે.

●દહેગામના બહિયલ ગામે વિદેશી દારૂની ૨૪ બોટલ સાથે એક શખ્સ ઝડપાયો.

●દહેગામના ઔડા ગાર્ડનમાં પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી.

●પંદરમાં નાણાં પંચની ઓનલાઈન કામગીરી અંગેની તાલિમનું આજે સમાપન થયુ છે.

●અંબાપુર ગામે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

●સે.૩-એ-ન્યુ ખાતે વસાહત મંડળ, મનપા તથા અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

●રાંદેસણની ઊર્જાનગર વિભાગ-૧ સોસાયટીમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયુ હતુ.

●બાલવા પ્રા. શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

●માણસા સાયન્સ કોલેજ ખાતે કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ હતી.

●રૂપાલ વરદાયિની હાઈસ્કૂલના પ્રાથમિક વિભાગમાં રમકડાં દિવસની ઉજવણી કરાઈ હતી.



"સંસ્કૃતિ મહિલા પરિવાર" તરફથી પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન સ્ત્રોત પર વક્તા કનુભાઈ દવેનું પ્રત્યેક શ્લોક પરના વિવેચનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વક્તા દ્વારા સુંદર રજુઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પારૂલબેન મેહતા અને પન્નાબેન મેહતા દ્વારા વૈદિક યજ્ઞ સાથે વિષ્ણુ પુરાણનો પાઠ કરીને ભક્તિમય માહોલ ઉભો કરવામાં આવ્યો હતો.

## આદીજાતિ વિભાગના આસી.કમિશનરના ઘરે ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૨૮

શહેરના વીઆઈપી સેકટર-૮ માં સરકારી રહેણાંક મકાનમાં રહેતા આદીજાતિ વિકાસ વિભાગમાં ફરજ બજાવતા આસી.કમિશનરના મકાનનું તાળુ તોડી ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. વીઆઈપી સેકટરમાં બિન્દાસ્ત ચોર શખ્સો ચોરીને અંજામ આપી સરળતાથી જતા રહે છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ ચોરીના બનાવ બને છે. તાજેતરમાં ચોર શખ્સો સેકટર-૮માં અધિકારીના બંધ ઘરમાંથી તાળુ તોડી રૂ.૧.૨૦ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જયારે સેકટર-૮ માં ૬૯૨-૫ ખાતે છેલ્લા અઢી વર્ષથી આદીજાતી વિકાસ વિભાગમાં આસી.કમિશનર તરીકે ફરજ બજાવતા કિંજલબેન પટેલ રહે છે. ગત તા.૧૫ જુલાઈના રોજ તેઓ અમદાવાદ ગયા હતા. જયારે બીજા દિવસે સવારે આઠ વાગે તેમના ફોન પર પાડોશી અલ્કાબેન સુનિલભાઈ ચૌધરીનો ફોન આવ્યો હતો અને કહ્યું કે તમારા ઘરનું તાળુ તુટ્યુ છે તમે જલ્દી આવી જાઓ. જેથી તેઓ ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા હતા. બનાવની જાણ થતા પોલીસ પણ આવી પહોંચી હતી. મહિલા અધિકારીએ ઘરે પહોંચીને જોયુ તો ઘરનું તાળુ તુટેલી હાલતમાં હતું. ઘરમાં જઈને તપાસ કરતા પ્રાથમિક નજરે કોઈ ચીજવસ્તુ ચોરી થઈ ન હતી. પરંતુ તાળુ તુટ્યું હોવાથી પોલીસ ફરીયાદ કરવા જણાવ્યું હતું.પરંતુ તે સમયે તેણીના દાદી એવરોન હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી ફરીયાદ કરી ન હતી. જયારે દાદીને હોસ્પિટલમાંથી રજા મળતા આજરોજ પોલીસ મથકે ઘરફોડ ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે ફરીયાદ નોંધાઈ છે.



ગ-૫ સર્કલ ઉપર ટોરેન્ટ પાવરના બોક્ષના ઢાંકણા ગાયબ થઈ ગયા છે. ખુલ્લા બોક્ષ વરસાદમાં જોખમી બની રહ્યા છે. તાત્કાલિક નવા ઢાંકણા નાંખી બોક્ષને કવર કરવુ આવશ્યક બન્યુ છે.

## ચ-૬ પાસે બુલેટ ચાલકે સાયકલને ટકકર મારતા સેન્ટ્રલ યુનિવર્સિટીના ગાર્ડને ઈજા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના કોલવડા થી ચ-૬ તરફ જઈ સાયકલ લઈને જઈ રહેલા આધેડને અચાનક કેન્દ્રીય વિદ્યાલયના પાછળના ભાગે ચ માર્ગ પર બુલેટ ચાલકે ટકકર મારતા નીચે પટકાતા આધેડને શરીરે ઈજાઓ તેમજ પગે ફ્રેકચર થયું છે. બનાવ અંગે બુલેટ ચાલક સામે ફરીયાદ નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ખાતે રહેતા દિલિપસિંહ હેમરતસિંહ જાટ છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગર સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેઓ ઘરેથી નોકરી આવવા જવા માટે સાયકલનો ઉપયોગ કરે છે. ગઈ કાલે સાંજના સમયે તેઓ કોલવડા થી ચ-૬ તરફ જતા હતા તે સમયે કેન્દ્રીય વિદ્યાલયની પાછળના ભાગે એક અજાણ્યા વાહન ચાલકે પાછળ થી ટકકર મારતા દિલિપસિંહને પગે ઈજા પહોંચી હતી. જયારે બુલેટ ચાલક અકસ્માત બાદ નાસી ગયો હતો. જયારે ઈજાગ્રસ્ત દિલિપસિંહને ખાનગી વાહનમાં સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયારે ડોકટરે તપાસ કરતા પગે ફ્રેકચર હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનારના સન્માનમાં સરકારશ્રી દ્વારા અપાતા એવોર્ડ અંગે

ગાંધીનગર,તા.૨૮

કોઈપણ પ્રકારનો બદલો કે વળતર મેળવવાની આશા રાખ્યા વિના માત્ર માનવ સેવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૨ દરમ્યાન જે તે વર્ષની તા.૦૧-જાન્યુઆરી થી તા.૩૧-ડિસેમ્બર સુધીના સમયગાળામાં સાહસ-શૌર્ય, તબીબી અને સેવા-જાહેર સુખાકારી ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરી હોય, તેવા ગુજરાત રાજ્યના કોઈપણ વ્યક્તિ/સંસ્થાનુ પ્રતિ વર્ષ સરકારશ્રી દ્વારા સન્માન કરી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.જેનો મુખ્ય ઉદ્દેશ નિસ્વાર્થ ભાવે પોતની ફરજ સમજી લોકહિતના કાર્યો કરતા વ્યક્તિઓને સન્માનિત કરી સમાજમાં આવા ઉમદા કાર્યો માટે લોકોને પ્રેરિત કરવાનું છે. જે અંતર્ગત દર્શાવેલ કેટેગરીમાં જો કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઉમદા કામગીરી થઈ હોય તો, તેવા ગાંધીનગર જિલ્લાના અરજદારોએ આ અંગેનુ નિયત અરજી ફોર્મ જિલ્લા યુવા વિકાસ અધિકારી જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ''સી'' વિંગ્સ, છઠ્ઠોમાળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતેથી રૂબરૂ મેળવી શકાશે. અથવા તો **https://commi-synca.gujarat.gov.in/application-forms-guj.htm** ઉપરથી મેળવી સંપૂર્ણ વિગતો જરૂરી આધાર પૂરાવા સાથે સંબધિત અધિકારીશ્રી/વિભાગને તા-૨૭/૦૮/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાનું રહેશે.તેમ ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવેલ છે.

# સિવિલમાં આઈ.ઓપી.ડી.માં આંખના રોગના રોજના ૧૦૦ કેસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલમાં આઈ ઓપીડીમાં કન્જકટિવાઈટીસના રોજના ૧૦૦ દર્દીઓ નોંધાય છે. સિવિલમાં છેલ્લા ૧૯ દિવસમાં બે હજારથી વધુ દર્દીઓએ આંખની સારવારનો લાભ લીધો છે.ત્યારે દર્દીઓને આંખમાં નાંખવાના ટીપા પણ આપવામાં આવે છે. તેમ છતા સિવિલમાં આંખના ટીપાનો પુરતો જથ્થો હોવાનું સિવિલ તંત્રએ જણાવ્યું છે.

હાલના સમયે આંખ આવવાના કેસમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલ સહિત ખાનગી આઈ કલીનીકમાં પણ દર્દીઓનો ભારે ધસારો રહે છે.

આંખની બિમારીમાં દર્દીઓની આંખ લાલ થવી, ખંજવાળ આવવી, સતત પાણી નીકળવું, દુખાવો થવો અને પોપચા ચોટી જાય છે. ત્યારે ડોકટરની સલાહ મુજબ આંખના ટીપા નાંખવા અને ચાર થી પાંચ દિવસમાં દવા લેવાથી આંખ નો રોગ મટી જાય છે.ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ છેલ્લા ૧૯ દિવસમાં બે હજાર જેટલા દર્દીઓ નોંધાયા છે. સિવિલમાં આઈ ઓપીડીમાં રોજના ૧૦૦ થી વધુ દર્દીઓ આંખની બિમારીના આવતા હોવાનું સામે આવ્યું છે. જયારે બીજીતરફ સિવિલમાં આવતા દરેક દર્દીને આંખના ટીપાની દવા આપવા છતા સિવિલમાં હાલના સમયે જથ્થાબંધ સ્ટોક છે. જીએમએચસીએલમાંથી સમયાંતરે દવાનો જથ્થો આવતો રહે છે. જેથી આંખના રોગના લક્ષણોમાં દવાના ટીપા વપરાય છે. તે તમામ દવાનો સ્ટોક જરુરીયાત માત્રામાં હોવાનું સિવિલ તંત્રએ જણાવ્યું છે.



વર્તમાન સમયમાં પર્યાવરણની જાળવણી અને જાગરૂકતા માટે માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી ના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ ના સ્ટેટ કો-ઓર્ડિનર કૌશલભાઈ દવે ના સાનિધ્યમાં સમગ્ર ગુજરાતમાં સ્વામી વિવકાનંદ વન બનાવવાનું આયોજન કરેલ જે અંતર્ગત વૃક્ષારોપણ ના કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તે અનુસંધાને ઝોન સંયોજક શ્રી મયંકભાઇ બારોટ અને જિલ્લા સંયોજક શ્રી રોશ



લીંબોદરા ક્લસ્ટરની બાલવા પ્રાથમિક શાળા ખાતે "મારી શાળા હરિયાળી શાળા" કાર્યક્રમ અન્વયે સચિવ સમગ્ર શિક્ષાના હસ્તે સંકલ્પ વૃક્ષ વડનું વાવેતર કરવામાં આવ્યું હતું.જેના જતન અને ઉછેર ની સઘળી જવાબદારી સી.આર.સી કોર્ડીનેટર રાજુભાઈ પટેલ દ્વારા સ્વીકારવામાં આવી હતી. શાળાના મેદાનમાં બીજા ૨૦ જેટલા વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા માંથી પધારેલા જીજ્ઞાબેન(ટી ટી ,સમગ્ર શિક્ષા),શાળાના આચાર્ય શિક્ષક ગણ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન



ગાંધીનગર,તા.૨૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના તરફ થી સેક્ટર ૭ ની સરકારી શાળાના બાળકો માટે ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શ્રદ્ધાદિપ ડેન્ટલ કલીનક ના ડૉ .બિંદીબેન પંડયા, તેમની ટીમના ડૉ. નિરાલીબેન વ્યાસ અને ડૉ. અર્પિતાબેન પટેલ દ્વારા બાળકોની તપાસ કરી તેનું નિદાન કરવામાં આવ્યું હતું. બાળકોએ પોતાના દાંતની સાફ-સફાઈ કેવી રીતે કરવી, દાંતની સાર સંભાળ કેવી રીતે લેવી, કેવા પ્રકારનો ખોરાક દાંતને નુકશાન કરે છે.આવી દંત સુરક્ષા હેતુ ઘણી બધી માહિતી બાળકોને આપવામાં આવી હતી. શાળાના લગભગ ૩૦૦ બાળકોની દંત તપાસ કરવામ આવી હતી. રીજીયન ચેરમેન વૈશાલીબેન જોષી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં મેમ્બર્સ એ ઉપસ્થિત રહીને સહયોગ કર્યો હતો. ડૉ. બિંદીબેન તથા તેમની ટીમે તેમનો કિંમતી સમય આપી ને સેવાના કાર્યમાં સહકાર આપેલ તે બદલ પ્રમુખ ચંદાબેન યાદવ એ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રી ભૂમીબેન જોગાણી સાથે કમીટી મેમ્બર્સનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો. શાળા મેનેજમેન્ટના જબરદસ્ત સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## માતા મરણ અટકાવવા જોખમી સગર્ભા સાથે આરોગ્ય કેન્દ્ર મહુડી ખાતે ૨૦મી જગ્યાએ બેઠક

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા જોખમી સગર્ભા સાથે એસ.બી.સી.સી ટીમ દ્વારા માણસા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મહુડી ખાતે ૨૦મી જગ્યાએ બેઠક કરવામાં આવી જેમાં માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાં ના ભાગરૂપે માન્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ એ. જે. વૈષ્ણવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ માણસા તાલુકાના પ્રા.આ.કે. મહુડી ખાતે જોખમી સગર્ભા સાથે



મિટિંગનું આયોજન પર આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,જીલ્લા પી.એચ. એન. રીચા પટેલ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પી. ડી. પાટીલ અને તાલુકા આરોગ્ય સુપર વાઈઝરે હાજરી આપેલ .ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી વિશે અને યોગ,પ્રાણાયામ વિશે સમજણ આપવામાં આવી. એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ, એફ. સી. એમ. ઈન્જેક્શનની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને પોષણયુક્ત અલ્પા આહાર વ્યવસ્થા મેડિકલ ઓફિસરશ્રી એ દ્વારા કરવામાં આવેલ.



નવા કોબા ક્લસ્ટર ની જુના કોબા શાળા માં કલા મહોત્સવ યોજાયો હતો જેમાં ચિત્ર સ્પર્ધા, બાળ કવિ સ્પર્ધા, સંગીત વાદન સ્પર્ધા, સંગીત ગાયન સ્પર્ધા જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સી.આર.સી કોઓર્ડીનેટર ભગવતીબેન ના અધ્યક્ષ સ્થાને તેમજ જુના કોબા પ્રા.શાળાના આચાર્ય પરાગીબેન અને સ્ટાફ પરિવાર થકી કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવ્યું હતું.